Covid-19ની વૈશ્વિક મહામારીને કારણે યુનિવર્સિટીઓ/કોલેજોમાં સ્નાતક કક્ષાના તમામ અભ્યાસક્રમો માટે ઈન્ટરમિડિએટ સેમિસ્ટરના વિદ્યાર્થીઓને Merit based Progression આપવા બાબત

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
પરિપત્ર ક્રમાંક: કરન/૧૦૨૦૨૦/૦૬૦૫૨૦૨૦/ખ-૧
સચિવાલય, ગાંધીનગર.
તા: ૨૧/૦૫/૨૦૨૧

**પરિપત્ર:**

રાજ્યની કોલેજો તથા યુનિવર્સીટીઓમાં Covid-19ના સંક્રમણને અટકાવવા માટે ભારત સરકારની વખતો વખતની સુચનાઓ/માર્ગદર્શિકાઓને ધ્યાને લઈને રાજ્ય સરકાર દ્વારા પણ વખતોવખત માર્ગદર્શક સુચનાઓ બહાર પાડવામાં આવેલ છે. છેલ્લે આ વિભાગના તા.૧૯/03/૨૦૨૧ના સમાનાંકી પરિપત્રથી મેડિકલ/પેરા મેડિકલ સિવાયના નિર્ધારિત સ્નાતક કક્ષાના તમામ અભ્યાસક્રમો માટે પરીક્ષા મોકૂફ રાખવા સંબંધિત સુચનાઓ/માર્ગદર્શિકા બહાર પાડવામાં આવી હતી. જેને તા.૧૬/૦૪/૨૦૨૦ના સમાનાંકી પરિપત્રથી તા.30/૦૪/૨૦૨૧ સુધી લંબાવવામાં આવેલ છે.

તાજેતરની Covid-19ના સંક્રમણની વ્યાપક પરિસ્થિતિ સંદર્ભે જાહેર આરોગ્ય હિતોને ધ્યાને લઈ રાજ્યની યુનિવર્સિટીઓ/કોલેજોમાં સ્નાતક કક્ષાના મેડિકલ/પેરા મેડિકલ સિવાયના તમામ અભ્યાસક્રમો માટે ઈન્ટરમિડિએટ સેમેસ્ટર-૨,૪ અને જ્યાં સેમેસ્ટર-૬ ઇન્ટરમીડીયેટ હોય તેવા વિદ્યાર્થીઓને Merit based Progression આપવામાં આવે છે જેમાં માર્ક્સની ગણતરી માટે ૫૦% ગુણ આંતરિક મૂલ્યાંકનના આધારે અને બાકીના ૫૦% ગુણ તરત અગાઉના(Previous) સેમેસ્ટરના આધારે આપવાના રહેશે.

દા.ત. યુનિવર્સિટીમાં આંતરિક મૂલ્યાંકનના 30 ગુણ છે તેમાંથી વિદ્યાર્થીએ ૨૦ ગુણ મેળવેલ હોય અને તરત અગાઉના (Previous) સેમેસ્ટરના યુનિવર્સિટી પરીક્ષાના ૧૦૦ ગુણમાંથી તે વિદ્યાર્થીએ ૭૦ ગુણ મેળવેલ હોય તેવા કિસ્સામાં નીચે મુજબ માર્ક્સની ગણતરી કરવાની રહેશે.

(P.T.O.)

| | | | |
|---|---|---|---|
| આંતરિક મૂલ્યાંકનના ૫૦% ગુણની ગણતરી | કુલ ગુણ ૫૦ | આંતરિક મૂલ્યાંકન ૩૦માંથી મળેલ ગુણ દા.ત. ૨૦ ગુણ | આંતરિક મૂલ્યાંકનના કુલ ગુણ = ૫૦ x ૨૦ / ૩૦ = ૩૩.૩૩ ગુણ |
| તરત અગાઉના (Previous) સેમેસ્ટરના ગુણ ૫૦% ગુણની ગણતરી | કુલ ગુણ ૫૦ | કુલ ગુણ ૧૦૦ માંથી મળેલ ગુણ દા.ત. ૭૦ ગુણ | તરત અગાઉના(Previous) સેમેસ્ટરના કુલ ગુણ એટલે કે ૭૦ના ૫૦% = ૩૫ ગુણ |
| વિદ્યાર્થીને મળવાપાત્ર ગુણ | કુલ ગુણ= ૧૦૦ | | ૩૩.૩૩+૩૫= ૬૮.૩૩ ગુણ =૬૮ ગુણ (પૂર્ણાંકમાં ગણતા) |

જો કોલેજ/યુનિવર્સિટી દ્વારા પ્રાયોગિક પરીક્ષાઓ લેવામાં આવેલ ન હોય તો તેના ગુણની ગણતરી પણ ઉપર દર્શાવ્યા મુજબ કરવાની રહેશે. જો પ્રાયોગિક પરીક્ષા લેવામાં આવેલ હોય તો તે પરીક્ષામાં મેળવેલ ખરેખર ગુણ ધ્યાને લેવાના રહેશે.

COVID-19ની મહામારીના કારણે ઉદભવેલ તાજેતરની પરિસ્થિતીને અનુલક્ષીને માત્ર ચાલુ શૈક્ષણિક વર્ષ ૨૦૨૦-૨૧ પૂરતી જ આ વ્યવસ્થા કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(મનોજ વાઘ)
નાયબ સચિવ
શિક્ષણ વિભાગ

પ્રતિ,

- નામદાર રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.(પત્ર મારફત)
- માન.મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. નાયબ મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી(શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. રા.ક.મંત્રીશ્રી(ઉ.શિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

નકલ રવાના:

- અગ્રસચિવશ્રી (શિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

- અગ્રસચિવશ્રી (આ.પ.ક.વિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, ઉચ્ચ શિક્ષણની કચેરી, ડૉ. જીવરાજ મહેતા ભવન, સચિવાલય, ગાંધીનગર.
- કમિશનરશ્રી, ટેકનીકલ શિક્ષણની કચેરી, કર્મયોગી ભવન, ગાંધીનગર.
- વાઈસ ચાન્સેલરશ્રીઓ, તમામ સરકારી યુનિવર્સિટીઓ (ઉચ્ચ શિક્ષણ નિયામકશ્રીની કચેરી મારફત/ટેકનિકલ શિક્ષણની કચેરી મારફત)
- સરકારી/બિનસરકારીઅનુદાનિત/ખાનગી કોલેજો અને ખાનગી યુનિવર્સિટીઓ (ઉચ્ચ શિક્ષણ નિયામકશ્રીની કચેરી/ટેકનિકલ શિક્ષણની કચેરી મારફત)
- સિલેક્ટ ફાઈલ